


# દીકરી વ્હાલનો દરિયો.. દીકરો સંવેદનાનું સરોવર....

એક સમય હતો જ્યારે સમાજમાં દીકરાને વધુ મહત્ત્વ મળતું હતું. ત્યાર બાદ થોડો સમય બદલાયો અને દીકરીને સમાન અધિકાર અપાવવાની એક જરૂરી સામાજિક ચળવળ શરૂ થઇ. આ પરિવર્તન આવકારદાયક હતું પરંતુ આજે એક નવો પ્રશ્ન આપણી સામે ઊભો થયો છે. શું આપણે સમાનતા લાવવાના પ્રયત્નમાં સંતુલન ગુમાવી દીધું છે?

સદીઓ સુધી દીકરીને ઘર સંભાળવાની, રસોઇ બનાવવાની, વડીલોની સેવા કરવાની, નાનાં ભાઇ-બહેનની કાળજી રાખવાની, મહેમાનગતિ, ઘરનું આયોજન અને સંબંધો જાળવવાની તાલીમ બાળપણથી આપવામાં આવતી હતી. જે સંપૂર્ણ યોગ્ય અને આત્મનિર્ભરતા માટે જરૂરી તાલીમ છે પરંતુ તે સમયે તેની સાથે શિક્ષણમાં ઘણી વખત મર્યાદા રાખવામાં આવતી જે ચોક્કસપણે અન્યાય હતો. આ અન્યાય દૂર થવો જોઇતો હતો પરંતુ આપણે દીકરીઓને શિક્ષણ આપી આત્મનિર્ભર -આર્થિક સ્વાવલંબી બનાવવાના અભિયાનમાં તેને અન્ય તાલીમમાંથી મુક્તિ આપી તેને અધૂરી અને દીકરા જેવી બનાવી દીધી.

પરંતુ આજે પાછળ વળી જોઇએ તો એક બીજો પ્રશ્ન પણ પૂછવો જોઇએ. શું આપણે દીકરીઓને અન્યાય થતો હતો એટલું જ જોયું પરંતુ દીકરાઓને શું શીખવવામાં આવતું હતું કે શું શીખવવું જોઇતું હતું તે ક્યારેય વિચાર્યું ? ઘણાં ઘરમાં દીકરાને માત્ર ભણવાનું અને કમાવાનું શીખવાય પરંતુ પોતાની થાળી પીરસવી, ચા બનાવવી, કપડાં ગોઠવવાં, ઘર સંભાળવું, બાળક કે નાનાં ભાઇ-બહેનોની સંભાળ રાખવી, રસોઇ બનાવવી કે સંબંધોમાં સંવેદનાથી વર્તવું- આ બધું 'છોકરીઓનું કામ છે' કહીને તેની પાસેથી દૂર રાખવામાં આવ્યું.

પરિણામે શું થયું?

અજાણતાં જ અનેક દીકરાઓને આત્મનિર્ભર નહીં પરંતુ પરાવલંબી બનાવ્યા. શરીર મજબૂત પરંતુ દૈનિક જીવનની સામાન્ય બાબતોમાં બીજા પર આધારિત. **નાની બહેન જે કામ સરળતાથી કરી શકે મોટોભાઇ એ કામ ન કરી શકે, આ જન્મજાત ક્ષમતાનો પ્રશ્ન નથી આ ઉછેરનો પ્રશ્ન છે.**

**કેસ : 1 (2003)**

દિવીક્ષાની ઉંમર ફક્ત 22 વર્ષની હતી. તેણે હાથની નસ કાપી આત્મહત્યા કરવાનો પ્રયાસ કરેલો. હોસ્પિટલમાં તેની સાથે વાત કરવા જવાનું થયું. દિવીક્ષા ખૂબ જ નાજુક, ભયભીત રહેતી યુવતી લાગી. તેની પાસેથી વિગત જાણતાં ખબર પડી કે તેની મોટી બહેન પણ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેનાથી પાંચ વર્ષ મોટી બહેન નૈનાક્ષીના લગ્ન સમ્રાટ સાથે થયેલ. જેનાથી તેને બે બાળકો છે. પાંચ વર્ષ અને 1 વર્ષનાં સંતાનોની જવાબદારી એકલા હાથે કઠીન હોવાથી નૈનાક્ષીને મદદ કરવા અવારનવાર દિવીક્ષાને મોકલવામાં આવતી. જે દરમ્યાન નૈનાક્ષીને ટી.બી. થયો જેથી તેને વારંવાર હોસ્પિટલમાં દાખલ કરવી પડતી. સમ્રાટ નોકરી કરતો હોવાથી ઘરકામ તથા બાળસંભાળ માટે કાયમ માટે દિવીક્ષાને બોલાવી લેવાનું બંને પરિવારે નક્કી કરી, દિવીક્ષાના લગ્ન સમ્રાટ સાથે કરી દેવાનો નિર્ણય લેવાઇ ગયો. નૈનાક્ષી અને દિવીક્ષાની મરજી જાણવા કોઇએ પ્રયાસ પણ ન કર્યો. જેથી દિવીક્ષાએ આત્મહત્યાની કોશિશ કરી જેમાં તે નિષ્ફળ રહી. ઘણી લાંબી મથામણના અંતે દિવીક્ષાને તો બચાવી શક્યા પરંતુ નૈનાક્ષીએ તો સોતન સ્વીકારવી જ પડી. નૈનાક્ષીના પરિવારે જ બીજી છોકરી શોધી આપી અને જમાઇ સમ્રાટના બીજા લગ્ન કરાવી આપ્યા. તેઓનું માનવું હતું કે બીજી પત્ની ઘર, બાળક, નૈનાક્ષી અને સમ્રાટ બધાંને સાચવી લેશે. બાકી નૈનાક્ષી અને બાળકોની જવાબદારી સ્વીકારવા કોઇ તૈયાર નહોતું.

**કેસ: 2 (2022)**

ધ્રુવી અને ધ્રુમીલના લગ્ન થકી દીકરીનો જન્મ થયેલ. લગ્ન પછી ધ્રુવી પોતાના પતિ સાથે હોંશે હોંશે કેનેડા ગઇ હતી પરંતુ ત્યાં જઇ ઘરકામ, બાળકની સંભાળ, પાર્ટ ટાઇમ નોકરી આ બધું એક સાથે સંભાળવાની જીવનશૈલી તેને અનુકૂળ લાગી

**સમાનતાનો અર્થ એકને બીજા જેવો બનાવવાનો નથી. સમાનતાનો અર્થ બંનેને જીવન માટે સમાન રીતે સક્ષમ બનાવવાનો છે**



નહીં. ધ્રુમીલ મોટા ભાગનું કામ માથે લઇ લેતો પણ ભારતમાં ઘરમાં કામ કરવા માટેના હેલ્પર લગભગ બધાંના ઘરે હોય, જેથી ધ્રુવીને પણ એવું જીવન માફક આવી ગયેલ અને ત્યાં તે દુઃખી રહેવા લાગી. અંતે પતિ-પત્ની વચ્ચે ગંભીર મતભેદ નહીં હોવા છતાં જીવનશૈલી સ્વીકારી ન શકવાને કારણે ધ્રુવી ભારત પરત આવી ગઇ. ત્યાર બાદ બંને વચ્ચે કાનૂની પ્રકિયા શરૂ થઇ અને દીકરી પહેલેથી જ પિતા સાથે હતી જેનો ધ્રુવીએ પણ સ્વીકાર કરી લીધો. ધ્રુવીના તો બીજે લગ્ન પણ થઇ ગયા પરંતુ ધ્રુમીલે એકલા હાથે દીકરીનો ઉછેર કર્યો. નોકરીની સાથે દીકરીને ડે-કેરમાં મૂકવી, ઘરકામ કરવું. ભોજન બનાવવું, શાળા અને રોજિંદી જવાબદારીઓ સંભાળવી આ બધું તેણે સ્વાભાવિક રીતે નિભાવ્યું. હવે જ્યારે દીકરી 10 વર્ષની થઇ ત્યારે ધ્રુમીલે બીજા લગ્ન માટે વિચાર્યું. આ કિસ્સો કોઇ એક વ્યકિતને સાચા કે ખોટા સાબિત કરવાનો નથી પરંતુ એક મહત્ત્વનો પાઠ શીખવે છે. જે વ્યકિત જીવનનાં આવશ્યક કૌશલ્યથી સજ્જ હોય તે મુશ્કેલ પરિસ્થિતઓમાં પણ તૂટી પડતી નથી. આત્મનિર્ભરતા માત્ર આર્થિક નથી. ઘરકામ, બાળઉછેર, સમયનું સંચાલન અને માનસિક સ્થિરતા આ બધું પણ એટલું જ જરૂરી છે.

આ કિસ્સો આપણને એક પ્રશ્ન પૂછે છે જો બાળપણથી દીકરા અને દીકરી બંનેને જીવન જીવવાનાં તમામ કૌશલ્યો સમાન રીતે શીખવવામાં આવે તો શું તેઓ જીવનના કોઇ પણ પડકાર સામે વધુ સક્ષમ બની શકે કે નહીં? કદાચ સમાજના આગામી સુધારાનો માર્ગ અહીંથી જ શરૂ થાય છે.

આજે સમાજમાં 'DINK' (ડબલ ઇન્કમ નો કીડસ) જેવી જીવનશૈલી, સંબંધોમાં જવાબદારીથી દૂર ભાગવાની વૃત્તિ, સંયુક્ત કુટુંબની અંદર બાળકના ઉછેરને માત્ર ભાર માનવાની માનસિકતા - આ બધું એક જ કારણથી નથી પરંતુ જીવન કૌશલ્ય અને જવાબદારીના સંતુલિત ઉછેરના અભાવનું પણ પરિણામ છે. એક સમય હતો જ્યારે લોકો કહેતાં 'અમને તો દીકરો જ જોઇએ' સમાજે યોગ્ય રીતે આ માનસિકતાનો વિરોધ કર્યો. આજે કેટલાક આધુનિક પરિવારોમાં એવું સાંભળવા મળે છે કે 'અમને તો દીકરી જ જોઇતી હતી' કોઇ પણ એક જેન્ડર પ્રત્યેની આવી આગ્રહપૂર્ણ અપેક્ષા સંતુલિત નથી. કુદરત જે સંતાન આપે, તેનો પ્રેમથી સ્વીકાર કરવો એ જ સાચા સંસ્કાર છે. જે રીતે દીકરી વ્હાલનો દરિયો જેવા સુંદર નેરેટીવ્સે દીકરી પ્રત્યે સન્માન વધાર્યું, એમ હવે સમય આવી ગયો છે કે આપણે કહીએ. 'દીકરી વ્હાલનો દરિયો છે, તો દીકરો સંવેદનાનું સરોવર છે.' આજના સમાજને દીકરીને દીકરા જેવી બનાવવાની નહીં પરંતુ દીકરાને પણ દીકરી જેવાં જીવનકૌશલ્ય, સંવેદના અને આત્મનિર્ભરતા શીખવવાની જરૂર છે.

દીકરો પણ રસોઇ બનાવી શકે.

દીકરી પણ પરિવારનો આર્થિક આધાર બની શકે.

દીકરો પણ બાળઉછેર કરી શકે.

દીકરી પણ ઘરનું નેતૃત્વ કરી શકે.

આ બધું કોઇની કૃપા નથી. જીવન માટેનાં આવશ્યક કૌશલ્ય છે.

આવતી પેઢીને સંદેશ :

- દીકરો હોય કે દીકરી- બંનેને ઘરકામ શીખવો.
- બંનેને આર્થિક સ્વાવલંબન શીખવો.
- બંનેને સંબંધો નિભાવતાં શીખવો.
- બંનેને માતા-પિતાની સેવા શીખવો.
- બંનેને લાગણીઓ વ્યક્ત કરવાની છૂટ આપો.
- બંનેને જવાબદારી સ્વીકારતાં શીખો.

સમાનતાનો અર્થ એકને બીજા જેવો બનાવવાનો



નથી. સમાનતાનો અર્થ બંનેને જીવન માટે સમાન રીતે સક્ષમ બનાવવાનો છે.

સમાજનો આગામી સુધારો દીકરીને દીકરા જેવી બનાવવામાં નહીં પરંતુ દીકરા અને દીકરી બંનેને સંપૂર્ણ માનવી બનાવવામાં છે કારણ કે અંતે સુખી પરિવાર, સુખી લગ્નજીવન અને સુખી સમાજનું નિર્માણ માત્ર શિક્ષિત લોકો નથી કરતા પરંતુ જીવન કૌશલ્ય, સંવેદના, જવાબદારી અને પરસ્પર સન્માન ધરાવતાં સ્ત્રી અને પુરુષ મળીને કરે છે. સંતુલિત નથી. કુદરત જે સંતાન આપે, તેનો પ્રેમથી સ્વીકાર કરવો એ જ સાચા સંસ્કાર છે. જે રીતે દીકરી વ્હાલનો દરિયો જેવા સુંદર નેરેટીવ્સે દીકરી પ્રત્યે સન્માન વધાર્યું, એમ હવે સમય આવી ગયો છે કે આપણે કહીએ. 'દીકરી વ્હાલાનો દરિયો છે, તો દીકરો સંવેદનાનો સરોવર છે.' આજના સમાજને દીકરીને દીકરા જેવી બનાવવાની નહી, પરંતુ દીકરાને પણ દીકરી જેવી જીવનકૌશલ્ય સંવેદના અને આત્મનિર્ભરતા શીખવવાની જરૂર છે. દીકરો પણ રસોઇ બનાવી શકે. દીકરી પણ પરિવારનો આર્થિક આધાર બની શકે. દીકરો પણ બાળ ઉછેર કરી શકે. દીકરી પણ ઘરનું નેતૃત્વ કરી શકે. આ બધું કોઇની કૃપા નથી. જીવન માટેની આવશ્યક કૌશલ્ય છે.

આવતી પેઢીને સંદેશ :

- દીકરો હોય કે દીકરી-બંનેને ઘરકામ શીખવો.
- બંનેને આર્થિક સ્વાવલંબન શીખવો.
- બંનેને સંબંધો નિભાવતા શીખવો.
- બંનેને માતા-પિતાની સેવા શીખવો.
- બંનેને લાગણીઓ વ્યક્ત કરવાની છૂટ આપો.
- બંનેને જવાબદારી સ્વીકારતા શીખો.

સમાનતાનો અર્થ એકને બીજા જેવો બનાવવાનો નથી. સમાનતાનો અર્થ બંનેને જીવન માટે સમાન રીતે સક્ષમ બનાવવાનો છે. સમાજનો આગામી સુધારો દીકરીને દીકરા જેવી બનાવવામાં નહીં પરંતુ દીકરા અને દીકરી બંનેને સંપૂર્ણ માનવી બનાવવામાં છે કારણ કે અંતે સુખી પરિવાર, સુખી લગ્નજીવન અને સુખી સમાજનું નિર્માણ માત્ર શિક્ષિત લોકો નથી કરતાં પરંતુ જીવન કૌશલ્ય, સંવેદના, જવાબદારી અને પરસ્પર સન્માન ધરાવતાં સ્ત્રી અને પુરુષ મળીને કરે છે.

-Instagram@gita.shroff